દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

મંગળવાર ૧૩ ઑક્ટોબર, ૨૦૨૬

# નવનીથમ પિલ્લાઇને નોબેલ પ્રાઇઝ: આંતરરાષ્ટ્રીય કાયદાઓના પાલનના આગ્રહનું સન્માન

દક્ષિણ આફ્રિકાના ભારતીય મૂળના ન્યાયશાસ્ત્રી નવનીથમ પિલ્લાઇ, જેઓ નવિના ટૂંકા નામે ઓળખાય છે, જેમણે UN માનવ અધિકારના ભૂતપૂર્વ વડા તરીકે નરસંહાર અને જાતીય હિંસા અંગેના આંતરરાષ્ટ્રીય કાયદાને નવું રૂપ આપવામાં મદદ કરી હતી, તેમને શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો માટે શુક્રવારે 2026નો નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો છે. વિશ્વમાં અનેક લોકોએ આ જાહેરાતને વધાવી લીધી છે. ભારત માટે પણ એક રીતે આ ગૌરવની વાત છે, જો કે અમુક ચોક્કસ મુદ્દાઓને કારણે ભારતનો પ્રતિસાદ ધીમો અને દબાયેલો રહ્યો છે.

નવનીથમનું નામ આમ તો બહુ જાણીતુ નથી પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદાવિદો અને પીઢ પત્રકારો તેમને જાણે છે. માનવ અધિકારોના હનન બાબતે તેઓ ખૂબ બોલકા રહ્યા છે અને તેથી અમુક વર્ગોમાં તેઓ અળખામણા પણ બન્યા છે. 23 સપ્ટેમ્બર, 1941ના રોજ ડરબનમાં તમિલ મૂળના ભારતીય માતાપિતાને ત્યાં જન્મેલા પિલ્લાઇ રંગભેદની નીતિના માહોલ હેઠળ ઉછેર્યા હતા અને બાદમાં તેમણે વંશીય ભેદભાવને પડકારવા, રંગભેદ વિરોધી કાર્યકરોનો બચાવ કરવા અને માનવ અધિકારો તથા સમાનતાને આગળ ધપાવવાની કારકિર્દી બનાવી હતી. પિલ્લાઇના પિતા બસ ડ્રાઇવર હતા. નાણાકીય મુશ્કેલીઓ હોવા છતાં, તેમના માતાપિતાએ શિક્ષણ પર ભાર મૂક્યો અને આગ્રહ રાખ્યો કે તેમની પુત્રીઓને પણ પુત્રોની જેમ જ શિક્ષણ મળવું જોઈએ. પિલ્લાઇએ નાતાલ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો અને બાદમાં હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક કાયદાની ડિગ્રી મેળવી. ઉચ્ચ શિક્ષણ માટે સાઉથ આફ્રિકાના ભારતીય સમુદાયે પણ તેમને મદદ કરી. 'ઇન્સ્ટિટ્યૂટ ફોર આફ્રિકન વુમન ઇન લો' અનુસાર, 1967માં તેઓ દક્ષિણ આફ્રિકાના નાતાલ પ્રાંતમાં કાયદાની પ્રેક્ટિસ શરૂ કરનાર પ્રથમ અશ્વેત મહિલા બની ગયા. તેમણે રંગભેદ વિરોધી કાર્યકર્તાઓનો બચાવ કરવામાં અને રાજકીય કેદીઓ પ્રત્યેના વ્યવહાર તરફ ધ્યાન દોરવામાં દાયકાઓ વિતાવ્યા. નેલ્સન મંડેલાને પણ તેમના પ્રયાસોથી કારાવાસમાં રાહત મળી હતી. તેમણે રંગભેદ વિરોધી કાર્યકરો માટે લડત આપી હતી. તેમની કારકિર્દી તેમને પાછળથી દક્ષિણ આફ્રિકાની હાઇકોર્ટ, રવાંડા માટેની ઇન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલ અને ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ સુધી લઈ ગઈ. તેમણે રવાંડા ટ્રિબ્યુનલના જજ અને પ્રમુખ તરીકે તથા 2008થી 2014 સુધી માનવ અધિકારો માટેના યુએન હાઇ કમિશનર તરીકે સેવા આપી હતી. નોબેલ પીસ સમિતિએ તેમને તેમના સમયના સૌથી આદરણીય આંતરરાષ્ટ્રીય ન્યાયશાસ્ત્રીઓમાંના એક તરીકે વર્ણવ્યા અને ભારપૂર્વક જણાવ્યું કે શાંતિ જાળવવા અને હિંસા વિના સંઘર્ષોનો ઉકેલ લાવવા માટે કાયદાનું શાસન આવશ્યક છે. યુએનના મહામંત્રી એન્ટોનિયો ગુટેરેસે યોગ્ય રીતે જ તેમને ન્યાય માટેનો સ્વતંત્ર અવાજ ગણાવ્યા અને કહ્યું કે તેમને આ ઇનામ મળ્યું તેના પરથી એને બળ મળે છે કે શાંતિ આંતરરાષ્ટ્રીય કાયદાઓ મુજબ સ્થપાવી જોઇએ અને નહીં કે શક્તિશાળી લોકોના વિચારો પ્રમાણે. ભારતમાં તમિલનાડુ સહિત કેટલાક પ્રાદેશિક સ્તરે તેમની નોબેલ પ્રાપ્તિને આવકારવામાં આવી છે પરંતુ અમુક બાબતોમાં વૈચારિક ટક્કર થતી હોવાના દેખીતા કારણોસર ભારત સરકારે તેમને ઉમળકાભેર અભિનંદન આપવાનું ટાળ્યું છે.

તેમની ન્યાયિક કારકિર્દીનું સૌથી પરિણામલક્ષી પ્રકરણ રવાંડા માટેની ઇન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલમાં તેમનું કાર્ય હતું, જ્યાં તેઓ જીન-પોલ અકાયેસુ સામેના સીમાચિન્હરૂપ કેસના ન્યાયાધીશોમાંના એક હતા. અકાયેસુ ભૂતપૂર્વ મેયર હતા જેમને 1994ના રવાંડા માનવસંહાર દરમિયાન નરસંહાર, માનવતા વિરુદ્ધના ગુનાઓ અને હિંસા માટે પ્રત્યક્ષ અને જાહેર ઉશ્કેરણી માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર 2025માં, પિલ્લાઇની અધ્યક્ષતામાં પૂર્વ જેરૂસલેમ અને ઇઝરાયેલ સહિતના કબ્જા હેઠળના પેલેસ્ટાઇની પ્રદેશ અંગેના સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય તપાસ પંચે તારણ કાઢ્યું હતું કે ઇઝરાયેલી સત્તાવાળાઓ અને સુરક્ષા દળોએ ગાઝામાં પેલેસ્ટિનીઓ વિરુદ્ધ જેનોસાઇડ કર્યું હતું અને કરવાનું ચાલુ રાખ્યું હતું. સ્વાભાવિક રીતે ઇઝરાયેલે નવનીથમને નોબેલ પ્રાઇઝ મળ્યું તેની સખત ટીકા કરી છે અને તેમને યહુદીઓના દુશ્મન ગણાવ્યા છે. તો અમેરિકી પ્રમુખ ટ્રમ્પે નવનીથમને અમેરિકા વિરોધી ગણાવીને પોતાની દાઝ કાઢી છે. એક વાત ચોક્કસ છે કે નવનીથમને મળેલા શાંતિના નોબેલ ઇનામથી આંતરરાષ્ટ્રીય કાયદાઓને માન આપવા માટેના અભિગમને બળ મળ્યું છે.

## જ્વાળામુખી બનતા નહિ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દરિયાઇ ટાપુ પર વિશાળ જ્વાળામુખી હતો.પહેલાં તે ફાટતો અને તેમાંથી ગરમ લાવા નીકળતો પણ ઘણાં વર્ષોથી તે જ્વાળામુખી ફાટ્યો ન હતો અને તેની ઉપર વૃક્ષો ઊગી નીકળ્યાં હતાં એટલે તે બહારથી લીલોતરીથી ભરેલો શાંત પર્વત લાગતો. લોકોને લાગ્યું આ જ્વાળામુખીની અંદરનો લાવા શાંત થઈ ગયો લાગે છે. હવે તે ક્યારેય નહિ ફાટે. એટલે આદિવાસીઓ કોઈ ડર વિના પર્વતની ઉપર ફૂલ, ફળ, લાકડાં ભેગા કરવા જતાં અને લીલોતરીથી ભરેલો પર્વત હતો એટલે તેની નજીક પોતાની નવી ઝૂંપડીઓ બનાવવા લાગ્યાં. આદિવાસીઓના વૃધ્ધ સરદારે તેમને ચેતવ્યા કે આ જ્વાળામુખી પર્વત છે. ગમે ત્યારે ફાટશે અને નુકસાન પહોંચાડશે પણ કોઈએ તેમની વાત કાને ધરી નહિ. પણ હકીકતમાં અનુભવી સરદારની વાત સાચી હતી,પર્વતની અંદર વર્ષોથી લાવા ભેગો થતો હતો. અનેક વર્ષોથી ભેગો થયેલો તે લાવવા ઉકળી રહ્યો હતો. એક દિવસ નાની ધ્રુજારી થઈ... પછી મોટો વિસ્ફોટ... જ્વાળામુખી ફાટ્યો ...ધખધખતો લાવારસ બહાર આવ્યો અને ચારે બાજુ વિનાશ થયો. આસપાસ બનાવેલાં આદિવાસીઓનાં ઝૂંપડાંઓ નાશ પામ્યાં. યુવાન આદિવાસીઓ વૃદ્ધ સરદાર પાસે ગયાં અને પૂછવા લાગ્યાં આ પર્વત તો વર્ષોથી શાંત હતો તો પછી આટલા વર્ષે તે કેમ ફાટ્યો? વૃદ્ધ સરદાર બોલ્યા, 'આ પર્વત આજે નથી ફાટ્યો. તે વર્ષોથી અંદર ભરાતો હતો.ગરમાગરમ લાવાથી ઉકળતો હતો અને દબાણ વધતાં ફાટ્યો. તમે મારી ચેતવણી ત્યારે સાંભળી નહિ અને આજે આ બનાવ પછી હું જે સમજાવું છું તે સાંભળજો અને યાદ રાખજો. આપણા બધાના દિલની અંદર પણ આવો એક જ્વાળામુખી છે. અંદર એક લાવા સતત સળગે છે. જે ગમે ત્યારે ફાટી શકે છે. વૃધ્ધ સરદારની વાત કોઈને સમજાઈ નહિ પણ છતાં બધા ધ્યાનથી સાંભળી રહ્યા હતા. એક યુવાને પૂછ્યું, 'સરદાર બધાની અંદર જ્વાળામુખી એટલે શું?' વૃદ્ધ સરદાર બોલ્યા, 'આપણી અંદર પણ જીવનમાં થયેલાં દરેક અપમાન, દરેક ગુસ્સો , દરેક દુઃખ, દરેક દગો વગેરેનો લાવાની જેમ સંગ્રહ થતો જાય છે.વર્ષો સુધી દબાવેલી લાગણીઓ એક દિવસ વિસ્ફોટ કરે જ છે. આ વિસ્ફોટની અંદર હોય છે: કોઈકે આપેલું દુઃખ ,બધાની વચ્ચે થયેલું અપમાન, પ્રિયજને કરેલો અસ્વીકાર, જીવનની એકલતા, કોઈ ભૂલનો પસ્તાવો, કોઈ જાણ્યો કે અજાણ્યો ભય મળીને ઉકળતો લાવા....... આ લાવા આપણા જીવનને અને આપણી આજુબાજુના સંબંધોનો નાશ કરી શકે છે એટલે હંમેશા ચેતતા રહેજો અને મનમાં કંઈ સંઘરતા નહિ; નહિતર જ્વાળામુખીની જેમ ફાટશે તો વિનાશ નોતરશે.' એક યુવાને પૂછ્યું, 'સરદાર તો શું કરવું જોઈએ?' સરદારે કહ્યું, 'મેં કહ્યું હતું કે આ જ્વાળામુખી પર્વતથી દૂર રહેજો તેમ મનને જ્વાળામુખી પર્વત બનવા ન દેતા...મનમાં અનેક પ્રકારની નકારાત્મક લાગણીનો લાવા ભરાઈ ન રહે તે માટે મન સાફ રાખજો અને જે લાગણી થાય તે મનમાં સંઘરી રાખવી નહિ પણ સામેવાળાને કહી દેવી અને ઉભરો ઠાલવી નાખવો અને પછી ભૂલી જવું તેમાં જ સમજદારી છે.' સરદારે સુંદર સમજ આપી.

# "લોકગીત-ગરબો" એ સમાજશિક્ષણનું અગત્યનું માધ્યમ છે, સમાજજીવનનો વારસો છે

**શિક્ષણ-સંસ્કાર**

કાર્તિકેય ભટ્ટ

**ગરબાઓમાં રાધા-કૃષ્ણનો પ્રેમ, 'ઓ રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ' જેવા મીઠા ઝઘડા, સાસરિયાના ત્રાસની ફરિયાદો અને 'જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે' જેવી યુવાનીની ક્ષણભંગુરતાની અનુભૂતિ પણ જોવા મળે છે**

'ગરબો' એટલે જેના ગર્ભમાં પ્રકાશ છે તે. છિદ્રોવાળા માટીના ઘડામાં દીવો મૂકવામાં આવે તેને ગરબો કહે છે. ગરબો અભિવ્યક્તિનું પ્રતીક છે. નિયમો અને બંધનોથી ઘેરાયેલું સમાજજીવન જો માટીનો ઘડો હોય તો તેમાં રહેલાં છિદ્રો આપણા તહેવારો છે. આ છિદ્રો આપણી લાગણીઓ અને અભિવ્યક્તિને બહાર આવવાની તક આપે છે. દીવાને પ્રજ્વલિત રહેવા હવા જોઈએ અને પ્રકાશ ફેલાવવા જગ્યા જોઈએ. ઘડો દીવાને પવનથી બચાવે છે, જ્યારે છિદ્રો હવા અને પ્રકાશનો માર્ગ બને છે. એ જ રીતે પરંપરાગત તહેવારો માણસને પોતાની લાગણીઓ વ્યક્ત કરવાની તક આપે છે. આથી કોઈ સમાજને સમજવો હોય તો તેનાં લોકગીતો, ઉત્સવો, પરંપરાઓ અને વ્યવહારોનો અભ્યાસ કરવો જોઈએ. ગરબો ગુજરાતની લોકઅભિવ્યક્તિનું સશક્ત માધ્યમ છે. તે સાહિત્ય પણ છે અને નૃત્ય પણ. આપણા લોકપ્રિય ગરબાઓમાં સમાજવ્યવસ્થા, પરંપરાઓ, પ્રેમ, વિરહ અને જીવનની અનુભૂતિઓનો વારસો સચવાયો છે. લોકસાહિત્ય સમાજનું દર્પણ છે, જે તેનો સાચો ચહેરો બતાવે છે.

આજે નવરાત્રિનો ઉત્સવ ચરમસીમાએ છે. યુવાનો પાર્ટી પ્લોટમાં અને બાળકો સહિત વડીલો સોસાયટીઓ તથા પોળોમાં ગરબે ઘૂમી રહ્યા છે. આ ગરબામાં છુપાયેલા સમાજશાસ્ત્રને સમજવાનો પ્રયાસ કરીએ.

ભારતમાં દેવીની ઉપાસનાની દૃષ્ટિએ વર્ષ દરમિયાન ચાર નવરાત્રિ આવે છે. જોકે શરદ નવરાત્રિ ગુજરાતમાં ગરબા માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. નવરાત્રિ દેશભરમાં ઉજવાય છે, પરંતુ ગરબા ગાવા અને સમૂહમાં નૃત્ય કરવાની પરંપરા ગુજરાતની વિશિષ્ટ ઓળખ બની છે. સંભવતઃ ખેતીપ્રધાન સમાજમાં ચોમાસુ પાક ઊગ્યા પછી પાકની સંભાળ માટે લોકો રાત્રે જાગતા હશે. ઘરકામમાંથી નવરી પડેલી સ્ત્રીઓએ ચોકમાં માતાજીની સ્તુતિ, આરતી અને ભક્તિગીતો ગાવાનું શરૂ કર્યું હશે. ધીમે ધીમે તેમાં તાળી અને નૃત્ય ઉમેરાયાં હશે. શરૂઆત ભક્તિથી થઈ, પરંતુ પછી સ્ત્રીઓએ પોતાની લાગણીઓ અને જીવનના અનુભવો પણ ગરબામાં વ્યક્ત કરવાનું શરૂ કર્યું. પ્રાચીન ગરબાઓમાં માતાજીની ભક્તિ જોવા મળે છે, જ્યારે અનેક અર્વાચીન ગરબાઓમાં જીવનની વાસ્તવિકતાઓ ઝીલાય છે. 'માનો ગરબો એ રમે રાજને દરબાર' જેવા ગરબામાં સુથારની નારને ગરબી બનાવવાનું, માળીને ફૂલ સજાવવાનું અને ઘાંચીની નારને દીવામાં તેલ પૂરવાનું કહેવામાં આવે છે. આ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ સમાજની વિવિધ કોમના સહિયારા યોગદાનનું પ્રતીક છે. સમાજરૂપી ગરબો સૌના સહકારથી જ શોભે છે.

'મા પાવા તે ગઢથી ઊતર્યાં મા કાળી રે, માએ વસાવ્યું ચાંપાનેર પાવાગઢવાળી રે' જેવા ગરબામાં પણ નગરવસવાટ અને સામાજિક વ્યવસ્થાની ઝલક મળે છે. સોની, સુથાર, માળી સહિત વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા લોકોના યોગદાનથી જ સમાજ અને શહેરનો વિકાસ થાય છે. કોઈ દેશ કે સભ્યતા એક વ્યક્તિ કે એક વર્ગથી વિકસતી નથી; સૌના સહિયારા પ્રયત્નોથી પ્રગતિ શક્ય બને છે. ગરબામાં દેશપ્રેમની લાગણી પણ ભળે છે, જે 'કેસરિયો રંગ તને લાગ્યો અલ્યા ગરબા' જેવા ગીતોમાં અનુભવાય છે. 'મહેંદી તે વાવી માળવે ને તેનો રંગ ગયો ગુજરાત રે' ગરબો પણ સમજવા જેવો છે. ઉપરછલ્લી રીતે જોઈએ તો તે મહેંદીના છોડની વાત લાગે, પરંતુ તેની અંદર એક પરિણીત સ્ત્રીની લાગણીઓ છુપાયેલી છે. માળવામાં પરણેલી દીકરીનો પતિ ગુજરાતમાં નોકરી માટે ગયો છે. નાનો દિયર મહેંદીનો છોડ લાવીને ભાભીને હાથ રંગવા આગ્રહ કરે છે. ભાભી કહે છે, 'મહેંદી મૂકીને વીરા શું રે કરું, તેનો જોનારો પરદેશ રે.' તહેવાર છે, શણગાર છે, મહેંદી છે, પરંતુ જેની સામે સજવું છે તે પતિ જ હાજર નથી. આ પંક્તિમાં વિરહ અને એકલતાની વેદના વ્યક્ત થાય છે.

ગરબા પહેલાં ગવાતા છંદોમાં પણ લોકજીવનની ઝાંખી મળે છે. અષાઢના વરસાદનું વર્ણન કરતા આવા ગીતોમાં ચોમાસાની રાહ જોતી પત્નીની વ્યથા વ્યક્ત થાય છે. ચારા માટે બીજા પ્રદેશમાં ગયેલો પતિ વરસાદ થતાં પાછો ફરશે એવી આશા પત્ની રાખે છે. વરસાદ વરસે છે, દેડકા બોલે છે, પક્ષીઓ ટહુકે છે, છતાં પતિ પાછો આવતો નથી. કુદરતનું સૌંદર્ય પણ વિરહની વેદનાને ઓછી કરી શકતું નથી. ગરબાઓમાં રાધા-કૃષ્ણનો પ્રેમ, 'ઓ રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ' જેવા મીઠા ઝઘડા, સાસરિયાના ત્રાસની ફરિયાદો અને 'જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે' જેવી યુવાનીની ક્ષણભંગુરતાની અનુભૂતિ પણ જોવા મળે છે.

આમ, ગરબો માત્ર મનોરંજન કે નૃત્ય નથી. તે લોકજીવનનો દસ્તાવેજ, લાગણીઓની અભિવ્યક્તિ અને લોકશિક્ષણનું માધ્યમ છે. ગરબાના શબ્દો અને તેના અર્થને સમજીએ તો ગુજરાતના સમાજજીવન, સ્ત્રીઓની લાગણીઓ, સામાજિક સહકાર અને સંસ્કૃતિને વધુ સારી રીતે સમજી શકીએ. ગરબાના તાલે માત્ર પગ જ નથી ફરતા, પરંતુ તેની સાથે ગુજરાતનો સમૃદ્ધ લોકવારસો પણ જીવંત રહે છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# જેના કાન સખણા એ ખાય નહિ ડફણાં..!

**મંગલ મસ્તી**

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**કાનની રચના જોઈએ તો શરીરની બાઉન્ડરી બહાર બિનઅધિકૃત બાંધકામ થયેલું હોય એવું લાગે, પણ બાંધણી એવી કે શરીરની શોભા વધારે!**

નાક અને કાન વીંધવાની પ્રથા છોકરીઓમાં પુરાણી છે અને દીકરીઓને એ શોભે પણ ખરી. પણ જ્યારથી મા-બાપના હાથમાં મોબાઈલ આવ્યો ત્યારથી દીકરાઓના કાન વીંધવાનું મા-બાપ ભૂલી ગયાં અને છોકરાઓ પણ કાન વિંધાવતા ને લટિયા લાંબા રાખતા થઈ ગયા. આવું કેમ કરે છે એનું કારણ મને ખબર નથી. કદાચ એવું પણ હોય કે પારકી આવીને કાન વીંધે એ પહેલાં જાતે જ વીંધાવેલા સારા..! એના કપાળમાં કાંદા ફોડું..!

આજે મને કાન વિશે કાનફૂસી કરવાની ઉપડી છે, બોસ..! શરીર બનાવતાં વધ્યો-ઘટ્યો માલ ચહેરાની બંને બાજુએ ઠાલવ્યો હોય એવા બંને કાન માટે કેવી કેવી છોડિયાફાડ કહેવતો આપી છે..! "કાન છે કે કોડિયાં, કાનના કીડા ખરી ગયા, કાનમાં ઝેર રેડ્યું, કાનાફૂસી કરી, કાચા કાનનો નીકળ્યો, એક કાનથી સાંભળે ને બીજા કાનથી કાઢી નાખે, એના કાનમાં તમરાં બોલે, પારકી મા હોય એ જ કાન વીંધે, કાન આમળી નાખવો વગેરે વગેરે..!"

અહાહાહા..! કેવી મોંઘીદાટ મિલકત સાથે ભગવાને આપણને પૃથ્વી ઉપર મોકલ્યા છે, યાર..! અમુક તો એવી એવી સર્કિટ નાખેલી કે બે-ચાર તાજમહાલ વેચી નાખીએ તો પણ ન મળે..! હૃદય ગયું એટલે ગયું..! દુનિયાના વિઝા પૂરા થયા એમ ચાલતી જ પકડવાની..! કોઈ કોઈ વાતે કમી નહિ, યાર..! ભગવાને એવી પણ વ્યવસ્થા કરી કે શરીરના કોઈ અંગમાં તકલીફ પડે તો એના નિષ્ણાત ડૉક્ટર હાજર..! આંખની માથાકૂટ આવે તો આંખના તજજ્ઞ હાજર, નાકની આવે તો નાકના હાજર, દાંતની આવે તો દાંતના હાજર ને કાનની આવે તો કાનના ડૉક્ટર હાજર..! શરીરના સ્પેર પાર્ટ્સનું રિપેરિંગ કરાવવા કે નકલી પાર્ટ્સ નંખાવવા માટેની પણ આગોતરી વ્યવસ્થા કરી આપી છે..!

પેટછૂટી વાત કરું તો શરીરનાં તમામ અંગોમાં કાન મને બહુ ગમે..! બંને કાનની કોઈ ઝંઝટ જ નહિ. ઋષિમુનિની જેમ તપસ્વીની માફક ધૂણી ધખાવીને બેઠા જ હોય..! અનેક આર્કિટેક્ટને ચાર-પાંચ વેકેશનમાં બેસાડીને ભગવાને શરીરની ડિઝાઈન બનાવી હોય એમ કાનની રચનામાં કોઈ મોટી માથાકૂટ જ નહિ. યુનિવર્સલ એક જ ડિઝાઈન..! કાનની રચના જોઈએ તો શરીરની બાઉન્ડરી બહાર બિનઅધિકૃત બાંધકામ થયેલું હોય એવું લાગે, પણ બાંધણી એવી કે શરીરની શોભા વધારે. એકદમ નિઃસ્પૃહી ને બિનઉપદ્રવી..! સિવાય કે કાન વાટે કાનફૂસી કરીને કોઈ જીભની અદાલતમાં કેસ પહોંચાડે તો જ દંગલ થાય. દેખાવ આતંકવાદી થાણા જેવો, પણ સ્વભાવ શાંત..! સિવાય કે કોઈ નિર્દોષ કાનનો ઉપયોગ કરીને આતંક ફેલાવવાનો પ્રયાસ કરે તો જ ધીંગાણાં થાય.

ચહેરાની બંને બાજુના ઓપન પ્લોટમાં એવાં ગોઠવાયેલાં કે તીર્થસ્થળ જેવાં લાગે. કોઈ દયાળુ દાનેશ્વરીએ ચહેરા ઉપર બે ચબૂતરા બાંધ્યા હોય એમ શોભા પણ વધારે..! રસ્તાના આઈલેન્ડ જેવાં..! ગમે એવી સુનામી આવે કે બોમ્બધડાકા થાય, પોતે શાંતિના દૂત જેવા..! શરીરના એમ્બેસેડર એટલે બંને કર્ણો..! પોતે નિર્લેપ રહે ને બરાડા મોંઢા પાસે પડાવે..! જગતને સંદેશ પણ આપે કે, 'સુખી રહેવું હોય તો મારી જેમ સરળ, શાંત અને સીધા-સાદા થઈને રહેવાનું..! કોઈની હળી નહિ કરવાની, નહિ તો કાન અને ગાલ બંને લાલ થઈ જાય..!'

બંને કાન સ્વયં એવા અહિંસક કે ક્યારેય સ્થાનભ્રષ્ટ થઈને મારામારી કરવા નીચે ઊતરતા નથી. દયાળુ પણ એવા કે કોઈ ડાબા કાન ઉપર પ્રહાર કરે તો જમણો કાન આગળ ધરે..! સ્થિતપ્રજ્ઞ થઈને જોયા કરશે, પણ ધમકી નહિ આપે કે 'હું તને જોઈ લઈશ..!' બાકી બીજાં અંગો તોફાને ચઢે તો શરીરને રમણભમણ કરી નાખે..! માત્ર બોચી જ હાથમાં આવવી જોઈએ..!

કાન આમળવાના જલ્લાદ પ્રયોગોનો અનુભવ આપણને ભણતા ત્યારથી જ થયેલો, એની બધાને ખબર છે. કોઈ પણ આવીને કાન ખેંચવાની કરામત કરે એટલે આંખ સામે નિશાળ દેખાવા માંડે. મગજના યંત્રની સ્વિચ કાનની બુટ્ટીમાં હોય એમ શિક્ષક કાન જ મરોડતા. નાક આમળવાનો બળપ્રયોગ કોઈ શિક્ષકે કર્યો હોય એવું ધ્યાનમાં નથી. શરદી હાથમાં આવી જાય..! કાનની છેડતી કરવામાં કોઈ જોખમ જ નહિ. કોઈએ ગાલને બદલે કાનમાં બચકાં ભર્યાં હોય એવું પણ સાંભળ્યું નથી..! પછી તો જેવો જેવો મામલો..!

પ્રત્યેક કાન અને નાકનો પણ એક સિદ્ધાંત છે. આંખમાં કણી પડે તો કોઈની આંખ ભાડે લેવી પડે. એક કાન દુઃખી થતો હોય તો બાજુનો કાન પૂછવા નહિ આવે કે, 'માય આઈ હેલ્પ યુ, બ્રધર..?' બે સગા ભાઈ વચ્ચે અણબનાવ હોય એમ બે કાન વચ્ચે પણ અબોલા હોય..! માણસ કાનનો સ્પર્શ કરી શકે, પણ કાન માણસનો સ્પર્શ કરવા આવે નહિ. કાન આમળવાની, કાનની હળી કરવાની કે કાન ભંભેરવાની છૂટ, પણ કર્ણદર્શન કરવું હોય તો અરીસાની મદદ લેવી પડે. જેમ હવાને મહેસૂસ કરી શકાય, પણ જોઈ શકાતી નથી, એમ કાન, નાક અને આંખને સ્પર્શી શકાય, પણ જોઈ શકાય નહિ..! ફોટા સાથે લગ્ન કરીને ઘણા જિંદગી ખેંચી નાખે એમ ગાડું ગબડાવ્યા કરવાનું..! બીજું શું..?

તુંડે તુંડે મતિર્ભિન્નાની માફક માણસે માણસે કાનની ડિઝાઈન અલગ..! કોઈના કાન લસણની ગાંઠ જેવા, કોઈના મંજીરા જેવા, કોઈના તુરિયાં જેવા કે કોઈના ચીભડાં જેવાં હોય. ઘણામાં તો શોધવું પડે કે બંદાને ભગવાને કાનની મિલકત આપેલી છે કે નહિ? કે પછી કાન વગર જ પાર્સલ થયેલા છે? આપણે ત્યાં 'મિસ વર્લ્ડ'ની સ્પર્ધા થાય છે એવી 'મિસ ઈયર'ની સ્પર્ધા પણ થવી જોઈએ..! ખબર તો પડે કે કયા દેશનો કાન સૌથી વધારે સૌંદર્યપ્રધાન છે ને કોનો કાન ગુણિયલ છે..! વિવિધ કાનના પ્રકાર પણ જાણવા મળે..! કાચા કાનવાળાને પાકા કાનવાળાના ભેદની ખબર પણ પડે..!

બાકી, પસંદગીના સ્થળે કાનનો સેટ બેસાડવા, ડિઝાઈન બદલવા કે આખેઆખા કાન બદલવાની દિશામાં આપણે જોઈએ એટલું ખેડાણ કર્યું નથી. કન્યાદાન, રક્તદાન, દેહદાન, ભૂમિદાન અને અન્નદાનની માફક 'કર્ણદાન' કરવાનો મહિમા પણ બહાર આવ્યો નથી. બહુ બહુ તો કાનનાં શટર બંધ થાય તો શ્રવણયંત્રની મદદથી ખોલી આપે, બાકી ફલાણા હીરો-હિરોઈન જેવા કાન નાખી આપવાની દુકાનો ખૂલી નથી..! કાન હૈ તો કહાન હૈ..!

કાનનું કામકાજ એટલું જ કે અવાજના તરંગોને ઝીલીને શ્રવણસુવિધા દ્વારા મગજ સુધી પહોંચાડવાનું..! પછીનો કારભાર અંદરનો સ્ટાફ સંભાળે..! દુકાન આગળ લટકાવાતાં લીંબુ-મરચાંની માફક વળગેલા બંને કાન માત્ર મોંઢાની શોભા છે. કાનનાં ડબલાં દ્વારા પ્રવેશ પામેલા શબ્દો આશીર્વાદ છે કે ગાળ, એનું પૃથક્કરણ અંદરનો સ્ટાફ કરે..! બંગલામાં જેમ આગળનો ડ્રોઈંગ રૂમ ચોખ્ખો ચટાક હોય એમ કાન ચોખ્ખા ચટાક, માથાકૂટ બધી અંદર હોય..! બાહ્ય કર્ણ, મધ્ય કર્ણ અને અંતઃકર્ણની ત્રણ સર્કિટમાંથી એકાદ નિષ્ફળ જાય તો માણસ સાંભળવાની શક્તિ ગુમાવી દે. લોકલ કંપનીનો માલ હોય તો વૉરંટી પિરિયડમાં રિટર્ન કરી દેવાય, પણ આ તો ભગવાનની પ્રોડક્ટ..! માલ બદલાવવો હોય તો જાતે જ ઉપર જવું પડે..!

કાનનું કામ સાંભળવાનું અને સંભળાવાનું કામ જીભનું..! કાન હંમેશાં ઑનલાઈન ખરા, પણ પોતે કોઈ માથાકૂટમાં નહિ પડે. સાંભળીને હવાલો જીભને સોંપી દે..! જેમના કાનનાં શટર બંધ કે બગડેલાં હોય એને તો ભારે તકલીફ..! મુકેશનાં ગીતો હોય કે મગનલાલનાં, લતાનાં હોય કે લલિતાનાં, એને કોઈ ફરક નહિ પડે..! વાઈફ સાથે ખાનગી વાર્તાલાપ કરવો હોય તો પણ બરાડા પાડવા પડે..! અમુક વખતે તો એવા બરાડા પાડવા પડે કે બોચીએ પરસેવાના ઝરા ફૂટે ને પાડોશી દોડી આવે, તે અલગ..! માટે જેના કાન સખણા એ ખાય નહિ ડફણાં..!

લાસ્ટ ધ બોલ

ચમનિયો કાનના ડોક્ટર પાસે જઈને કહે, 'સાહેબ..! મને મારા કાનમાં કોઈ ગરબડ લાગે છે. મારી વાઇફ જે કંઈ બોલે તે મને સંભળાતું નથી..!'

ડૉક્ટર કહે, 'એને કાનની ગરબડ નહિ કહેવાય. કુદરતની મહેરબાની કહેવાય..! જેમણે પૂર્વજન્મમાં સારાં કર્મો કરેલાં હોય એને જ આવી કુદરતી બક્ષિસ મળે..!'

ચમનિયો મનમાં બોલ્યો, 'તારા કપાળમાં કાંદા ફોડું..!'

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## શિક્ષકના છેલ્લા શબ્દો

તંત્ર પાસે કળા, ટેકનોલોજી અને માનવસંસાધનનો ભરપૂર ઉપયોગ કરવાની પદ્ધતિ છે, પરંતુ માનવહૃદય સમજવા માટે સમય અને સંવેદના નથી. શિક્ષણજગતના એક મુખ્ય શિક્ષકની આત્મહત્યાની ઘટના આ વાસ્તવિકતા સામે ગંભીર સવાલ ઊભો કરે છે. શિક્ષક તંત્ર સામે હારી જાય તે માત્ર એક વ્યક્તિનું દુઃખ નથી, પરંતુ સમગ્ર શિક્ષણવ્યવસ્થાની સંવેદનશીલતા પર સવાલ છે.જીવન અમૂલ્ય છે. આવી સ્થિતિમાં શિક્ષક પાસે વીઆરએસ અથવા રાજીનામું જેવા વિકલ્પો હોઈ શકે, પરંતુ સિસ્ટમ સામે અવાજ ઉઠાવવો સહેલો નથી. તેમણે લખેલા અંતિમ શબ્દો તંત્રની કાર્યપદ્ધતિ સામેનો એક મૌન વિરોધ બની રહે છે. આ ઘટનાનાં અનેક કારણો હોઈ શકે, પરંતુ સાચું કારણ શોધવાની જવાબદારી સરકાર અને તંત્રની છે.માનવીએ કમ્પ્યુટર બનાવ્યું, પરંતુ તેમાં હૃદય નથી. માનવી પાસે હૃદય અને કુદરતી બુદ્ધિ બંને છે. છતાં આજે માણસ ટેકનોલોજીનો ગુલામ બનતો જાય છે અને વાચન, વિચાર તથા સંવાદ માટેનો સમય ગુમાવી રહ્યો છે.ચાણક્યનું વાક્ય યાદ આવે છે: "શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈં." શિક્ષકને સમજવો અને સાંભળવો હવે તંત્રની સૌથી મોટી જરૂરિયાત છે.

**સુરત - હરીશ ચૌધરી**

## સાચી સમૃદ્ધિ આને કહેવાય

Whatsup wall/face book પર રજૂ થયેલ કહાની મુજબ કોન બનેગા કરોડ પતિ ના હોટ સીટ પર વૈજ્ઞાનિક,phd ધારક, એક university ના કુલપતિ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ પી જે અબ્દુલ કલામ સાથે કામ કરવાની તક મળેલ એવાં dr નીરજ સક્સેનાએ શાંતિપૂર્ણ જવાબ આપી રૂપિયા 3,20000 સુધી પહોંચ્યા, હજુ ઘણી life લાઈન બાકી હોવા છતાં, કાર્યક્રમના વિરામ બાદ, અમિતાભ બચ્ચને 11 મો પ્રશ્ન પૂછતાં, રમત આગળ વધારવા જણાવતાં સક્સેનાએ કહ્યું "sir મારે રમત છોડવી છે" આવો જવાબ સાંભળતા અમિતાભ આશ્ચર્યચકિત થઈ ગયા, મોટી રકમ જીતવાની તક હોવા છતાં તેઓ રમત કેમ છોડવા માંગતા હશે, ત્યારે dr નિરજજીએ કહ્યું "સર હોટ સીટ પર બેસવા અન્ય લોકો પણ રાહ જોઈ રહ્યાં છે. તેઓને પણ તક મળવી જોઈએ. મારી પાસે જે છે તે મારા માટે પૂરતું છે. અમે ૩ બહેનો અને માતાને મારા પિતાએ કોઈ કારણસર ઘરમાંથી કાઢી મૂકી છે એટલે અનાથ આશ્રમમાં રહીએ છીએ. નીરજજીએ રમત છોડી ન હોત તો આ છોકરીને હોટ સીટ પર આવવાની તક મળી હોત? એક વ્યક્તિને પોતાને મળતી તક છોડી બીજાના જીવનમાં એક નવી તક ઊભી કરી. કેટલું મોટું બલિદાન. આજે વ્યવહારમાં જ્યારે બીજાને કાયદેસર મળતી તક પર પણ પ્રહાર કરવામાં આવે છે ત્યારે dr નિરજજી જેવા વિચારો દરેક વ્યક્તિ ધરાવતી થાય તો ભારત વિશ્વગુરુ બની શકે તેમ છે.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

## સૌરાષ્ટ્રવાસીઓને સો સલામ

સુરત શહેરના નાના વરાછા અને મોટા વરાછાનો વિકાસ નિહાળી આનંદની અનુભૂતિ અવશ્ય થાય. અત્યંત આધુનિક સગવડ ધરાવતી ઈમારતો અને વિકસિત એરિયા દૃશ્યમાન થાય છે. ધન્ય છે સૌરાષ્ટ્રવાસીઓને, સુરતમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયાં અને સુરતના સર્વાંગી વિકાસમાં અનેરું યોગદાન અર્પણ કર્યું. હીરા ઉદ્યોગ, બાંધકામ ક્ષેત્રે, ટેક્ષટાઈલ ક્ષેત્રે અન્ય વેપાર વિ. અનેક આર્થિક ક્ષેત્રે સૌરાષ્ટ્રવાસીઓએ પ્રગતિ સાધી સુરતના વ્યાપારને ચાર ચાંદ લગાડી દીધા અને સૌરાષ્ટ્રવાસીઓના સમાજમાં દાનવીર ભાષામાં પણ સ્વયંનું સામાજિક ક્ષેત્રે યોગદાન અર્પણ કરતાં જ રહે છે. પછી એ હોસ્પિટલ હોય કે સમૂહ લગ્નોત્સવ હોય. અનાથ કન્યાઓ પ્રત્યે પણ અનન્ય સ્નેહ સૌરાષ્ટ્રવાસીઓ દાખવે જ છે. વરાછા તરફ એક નવલું સુરત જ નિહાળવા મળે છે. તબીબી સવલતથી પ્રારંભીને અહીં તમામ સવલતો ઉપલબ્ધ છે. હા, વાહનવ્યવહારમાં ચક્કાજામનો અનુભવ ચોક્કસપણે અનુભવાય. પણ એ તો સમગ્ર સુરત શહેરની સમસ્યા છે. ધન્ય છે સૌરાષ્ટ્રવાસીઓ, જેમણે સુરતને સ્વયંની કર્મભૂમિ બનાવી. સુરતના વિકાસમાં સિંહફાળો અર્પણ કર્યો.

**સુરત - નેહા શાહ**

## વિશ્વ હીરો

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈ ફ્લાઈટમાં ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છરે 174 મુસાફરોને બચાવ્યાં, જ્યારે તેમના સહ-પાયલોટે વિમાનને તોડી પાડવાના પ્રયાસમાં તેમના પર છરી વડે હુમલો કર્યો. ગંભીર ઈજાઓ થવા છતાં, મચ્છરે વળતો પ્રહાર કર્યો, પ્રતિકાર કર્યો અને કોકપીટનો દરવાજો ખોલવામાં સફળ રહ્યા. જેથી ક્રૂ અને મુસાફરો સાઉદી એરેબિયાના તાબુકમાં કટોકટી ઉતરાણ કરતાં પહેલાં હુમલાખોર પર કાબૂ મેળવી શકે. તેમની બહાદુરીની પ્રશંસા કરતાં, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છરને સમગ્ર વિશ્વનો હીરો ગણાવી ઈઝરાયેલના સ્વતંત્રતા દિવસ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમને જ્યોત પ્રગટાવવા માટે આમંત્રણ આપ્યું. કે જે તેમના સ્વતંત્રતા દિવસનું સર્વોચ્ચ સન્માન હોય છે. કેપ્ટન સ્મિતના શૌર્યને બિરાદાવતા મોરારિબાપુએ 21 લાખની સન્માન રાશિ હનુમંત કૃપા પ્રસાદ તરીકે અર્પણ કર્યા. ગંભીર હુમલો થયા પછી પણ કેપ્ટન સ્મિતે હિંમત ન હારતાં કટોકટીના સમયમાં જે ત્વરિત નિર્ણયશક્તિ થકી અસાધારણ ખુમારી બતાવી 174 મુસાફરોના જીવ બચાવ્યા. ગુજરાત સરકારે આ બહાદુર કેપ્ટનને 'વિશિષ્ટ ગુજરાત ગરિમા પુરસ્કાર'થી સન્માનિત કર્યા. સાથે જ તેમને 25 લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત કરતાં જણાવ્યું કે, ''કેપ્ટન સ્મિતે અદમ્ય સાહસ દાખવીને વૈશ્વિક મંચ પર ભારત અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

**સુરત - કલ્પના બામણિયા**

## પુરુષાર્થ કર્યો, પણ પ્રારબ્ધે સાથ ન આપ્યો!

કહેવાય છે કે પુરુષાર્થ પ્રારબ્ધને ઘડે છે, પરંતુ ક્યારેક પ્રારબ્ધની લીલા અકળ હોય છે. કે. આસિફે દોઢ દાયકાના પરિશ્રમ પછી 'મુગલ-એ-આઝમ' જેવી અજોડ ફિલ્મ બનાવી સફળતા મેળવી. ત્યારબાદ પ્રેમ અને ખુદાના વિચારોને પડદા પર સાકાર કરવા તેમણે 'લૈલા મજનૂ'ની કથા પર આધારિત 'લવ એન્ડ ગોડ' ફિલ્મનું નિર્માણ શરૂ કર્યું. ફિલ્મના નાયક ગુરુદત્તે આપઘાત કરતાં કામ અટકી ગયું. જોકે, હિંમત હાર્યા વિના આસિફે સંજીવકુમારને લઈને ફિલ્મનું કામ આગળ વધાર્યું. પરંતુ જાણે પ્રારબ્ધે તેમની કસોટી કરી. સહકર્મીઓના પ્રયાસો છતાં આસિફની કલ્પનાનો રંગ ફિલ્મમાં પૂરેપૂરો ઊતરી શક્યો નહીં. ફિલ્મ પૂર્ણ થાય તે પહેલાં જ આસિફનું અવસાન થતાં ટીમે અધૂરી કલ્પનાને શક્ય તેટલી સાકાર કરી ફિલ્મ પૂરી કરી, પરંતુ ધારેલી સફળતા મળી નહીં. આ ફિલ્મ સાથે અભિનેતા ચંદ્રમોહનનું નામ પણ જોડાયેલું હતું. 'મુગલ-એ-આઝમ'ના પ્રારંભિક તબક્કામાં તેમનું અવસાન પણ મોટો આઘાત હતો. આમ, 'લવ એન્ડ ગોડ'ના નાયક સંજીવકુમાર ટકી રહ્યા, પરંતુ નિર્માતા-દિગ્દર્શકનો ભોગ લેવાયો. કવિ પ્રદીપજીની પંક્તિઓ અહીં સાચી ઠરે છે: "કોઈ લાખ કરે ચતુરાઈ, કરમ કા લેખા મિટે ના રે ભાઈ!"

**સુરત- યૂસુફ એમ. ગુજરાતી**